
વિભાગ : ૬

# મોક્ષસુખ નિરૂપણ


આ જીવન એક માત્ર પ્રયોજન સુખનું છે. સંસારી જીવની ચોવીસેય કલાકની સઘળી પ્રવૃત્તિ સુખ માટેની હોય છે. પરંતુ સુખના સાચા સ્વરૂપની સમજણ અને સ્વીકાર વિના અજ્ઞાની જીવ અંધારામાં જ આથડે છે. સંસારમાં ક્યાંય કિંચિત પણ સુખ માનવું એ જ અજ્ઞાન છે. અજ્ઞાનીને મોક્ષસુખની કોઈ ઓળખાણ કે અનુભવ નથી. અરે ! તેની ગંધ સુદ્ધાંય નથી. આવા સંજોગોમાં મોક્ષસુખની પ્રાપ્તિ બિલકુલ સંભવતી નથી.

સંસારમાં ક્યાંય સુખ નથી એ નાસ્તિનું કથન છે અને મોક્ષમાં જ સુખ છે એ અસ્તિનું કથન છે. નાસ્તિ કરતા અસ્તિનું મહત્વ વધુ છે, તેથી સંસારમાં દુ:ખ છે તેથી વધુ મોક્ષમાં સુખ છે તે સમજવું જરૂરી છે. મોક્ષસુખની સમજણ આપતા આ વિભાગમાં કુલ ત્રણ કારણો છે. જે અનુક્રમે પરમ સુખનું ધામ : મોક્ષ, મોક્ષસુખનું સ્વરૂપ તેમ જ સંસારના કહેવાતા સુખ અને મોક્ષના વાસ્તવિક સુખનો તફાવત દર્શાવનારા છે.

# પ્રકરણ : ૨૫ પરમ સુખનું ધામ : મોક્ષ




✪ પ્રાસ્તાવિક
૧. પરમ નિર્બંધ
૨. પરમ નિરપેક્ષ
૩. પરમ નિવારણ
૪. પરમ અકષાયી
૫. પરમ વિષયાતીત
૬. પરમ તૃપ્ત
✪ ઉપસંહાર

(હરિગીત)

**સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત રહે તદ્ ધ્યાન મહીં.**
**પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જયતે.**

ભાવાર્થ : પોતાનો શુદ્ધાત્મા જ મોક્ષના અનંતાનંત પરમ સુખનું ધામ છે. મોક્ષમાર્ગી સંત-મહાત્માઓ દિવસ-રાત તેના જ ધ્યાનમાં મગ્ન રહી પરમ શાંતિ અને પરમ સુખના ધામ એવા અનંત સુધામય ઉત્તમ પદ એટલે કે મોક્ષની પ્રાપ્તિ કરે છે. જગતમાં સદા જયવંત એવા પરમ સુખનું ધામ : મોક્ષને હું પ્રણામ કરું છું.

(શ્રીમદ્ રાજચંદ્ર : વર્ષ ૩૪મું : પત્રાંક ૯૫૪ : અંતિમ સંદેશ પાનુ ૬૬૦)

[૧]શક્તિ અપેક્ષાએ પોતાનો શુદ્ધાત્મા જ પરમ સુખનું ધામ છે અને [૨]વ્યક્તિ અપેક્ષાએ તે શુદ્ધાત્માના આશ્રયથી પ્રગટ થતી મોક્ષદશા એ પરમ સુખનું ધામ છે. મોક્ષનું સુખ અલૌકિક અને અચિંત્ય છે. મોક્ષમાં આ સુખની અપરિમિત અનંત પ્રગટતા હોય છે. તેથી તે પરમ સુખનું ધામ કહેવાય છે. મોક્ષના સુખનું સ્વરૂપ જ તેના પરમ સુખને સ્થાપનારૂં છે. તે ઉપરાંત મોક્ષપ્રાપ્ત સિદ્ધ ભગવાનની કેટલીક અવસ્થાઓ પણ તેના પરમ સુખને પ્રસ્થાપિત કરનારી છે. તે નીચે પ્રમાણે છે—

| | |
|---|---|
| ૧. પરમ નિર્બંધ | ૪. પરમ અકષાયી |
| ૨. પરમ નિરપેક્ષ | ૫. પરમ વિષયાતીત |
| ૩. પરમ નિવારણ | ૬. પરમ તૃપ્ત |

ઉપરોક્ત મોક્ષની અવસ્થાની સમજૂતી આ નીચે આપવામાં આવે છે. તે માટે સૌ પ્રથમ વ્યાખ્યા. તેની સમજૂતી. તે અવસ્થા મોક્ષના પરમ સુખનું સાધન કઈ રીતે છે તેની છણાવટ અને અંતે શાસ્ત્રની કોઈ ગાથા આધારે સાર આપવામાં આવ્યો છે.

## ૧. પરમ નિર્બંધ

વ્યાખ્યા : **દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મ એ ત્રણેય પ્રકારના કર્મના બંધનથી તદ્દન મુકત હોય એવી આત્માની દશાને પરમ નિર્બંધ દશા કહે છે.**

સિદ્ધ ભગવાન સઘળા પ્રકારના કર્મના બંધનથી તદ્દન મુકત હોવાથી પરમ નિર્બંધ છે. પરમ નિર્બંધ દશાના કારણે સિદ્ધ ભગવાન પરમ સુખી છે.

દ્રવ્યકર્મ–નોકર્મ–ભાવકર્મ જેવો કોઈપણ પ્રકારનો બંધ એ આત્માના સુખને રોકનારો અને દુઃખને જ ઉપજાવનારો છે. તેથી જયાં સુધી કિંચિત્ પણ બંધન છે ત્યાં સુધી પરમ સુખ નથી. સિદ્ધ ભગવાનને ત્રણેય પ્રકારના કર્મોનો આત્યંતિક અભાવ હોવાથી તેઓ પરમ સુખી છે. તે આ રીતે—

જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના પૌદ્ગલિક કર્મોના જીવ સાથેના સંબંધને દ્રવ્યકર્મનું બંધન કહે છે. સંસારી જીવ આવા દ્રવ્યકર્મબંધનથી બંધાયેલો છે. સંસારી જીવ શરીરપ્રમાણ હોવા છતાં તેના આત્મપ્રદેશો લોકાકાશપ્રમાણ અસંખ્ય છે. સંસારી જીવને પ્રત્યેક આત્મપ્રદેશે અનંત પૌદ્ગલિક કર્મો બંધાયેલા હોય છે અને સર્વ આત્મપ્રદેશો મળીને અનંતાનંત પૌદ્ગલિકકર્મના પરમાણુઓ બંધાયેલા છે. હવે ભલા ! વિચાર કરો કે એક પરમાણુનું બંધન અતિશય દુઃખનું કારણ છે તો અનંત કર્મના પરમાણુઓથી બંધાયેલો સંસારી જીવ કેટલો દુઃખી હોય ? અને તે બધાંથી તદ્દન મુક્ત સિદ્ધ ભગવાન કેટલાં સુખી હોય ?

દ્રવ્યકર્મના અઘાતિકર્મોના કારણે શરીર, મન, વાણી, સ્ત્રી, પુત્ર, પરિવાર, મોટર, બંગલા જેવા મળતા બહારના સંયોગી પદાર્થને નોકર્મ કહે છે.નોકર્મ સાથેના જીવના સંબંધને નોકર્મનું બંધન કહે છે. નોકર્મબંધનમાં શરીરનો સંબંધ મુખ્ય છે. સંસારી જીવ શરીર વગરનો હોતો નથી. શરીર અને બીજા સંયોગોને કારણે સંસારી જીવને શારીરિક, માનસિક, કૌટુંબિક, આર્થિક, સામાજીક જેવા અનેક પ્રકારના સાંયોગિક દુઃખો હોય છે. અનુકૂળ સંયોગોનો પરિગ્રહ પણ જીવના દુઃખનું જ કારણ હોય છે. આ રીતે નોકર્મબંધનથી બંધાયેલો સંસારી જીવ અત્યંત દુઃખી

જણાવો. સમ્યગ્દષ્ટિ ધર્માત્માને શરીર પ્રત્યેના લક્ષનો કાંઈક અભાવ અને થોડા પણ પરિગ્રહના પરિમાણથી ઘણું સુખ જણાય છે. તો સર્વપરિગ્રહો અને શરીરાદિ સંયોગોના તદ્દન અભાવથી સિદ્ધ ભગવાનને પરમ સુખ કેમ ન હોય ? જરૂર હોય જ.

દ્રવ્યકર્મના ઘાતિકર્મોના કારણે થતા જીવના મોહ-રાગ-દ્વેષાદિ વિકારીભાવોને ભાવકર્મ કહે છે. ભાવકર્મ સાથેના જીવના સંબંધને ભાવકર્મનું બંધન કહે છે. ભાવકર્મબંધન એ જ મુખ્ય બંધન છે. સંસારી જીવ અનેક પ્રકારના મોહ-રાગ-દ્વેષાદિ વિકારીભાવોથી નિરંતર વીંટળાયેલો હોય છે અને તેના કારણે પોતાના સ્વભાવનો ઘાત પામી અત્યંત દુઃખને અનુભવે છે. તીવ્ર રાગાદિ વિકારીભાવો તીવ્ર દુઃખનું અને મંદ રાગાદિ વિકારીભાવો મંદ દુઃખનું કારણ છે. સમ્યગ્દષ્ટિ ધર્માત્માને રાગાદિ વિકારીભાવોનો કાંઈક અંશે પણ અભાવ થવાથી ઘણી શાંતિ-શીતળતા અનુભવાઈ છે. સમ્યગ્દષ્ટિ સાધકના આવા સહેજ જ નિવૃત પરિણામમાં પણ અપૂર્વ શીતળતા લાગે છે તો જે સર્વ રાગાદિ વિકારીભાવોથી સર્વથા નિવૃત થયા છે એવા સિદ્ધ ભગવાનને પ્રગટેલી શીતળતાની તો શી વાત ! તેમને તો જાણે શાંતિનો સાગર ઊછળી રહ્યો હોય એવી અમાપ શાંતિ હોય છે, જાણે આનંદનો મહાસમુદ્ર હિલોળા લઈ રહ્યો હોય એવો અપાર આનંદ હોય છે.



દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મના બંધનના અભાવરૂપ નિર્બંધ દશા

ઉપરોકત પ્રકારે દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મના બંધનના અભાવરૂપ નિર્બંધ દશાના કારણે સિદ્ધ ભગવાનને પરમ સુખી જાણવા.

બંધન દશા એ દુઃખરૂપ છે અને નિર્બંધ દશા એ સુખરૂપ છે. સંસાર એ બંધનયુકત બંધ દશા હોવાથી દુઃખરૂપ છે અને મોક્ષ એ બંધનમુકત નિર્બંધ દશા હોવાથી સુખરૂપ છે. દઢતર દોરડાઓથી પગથી માથા સુધી મુસ્કેટાટ બંધાયેલા મનુષ્યનું એકાદ બંધન પણ ઢીલું થતા તે કાંઈક શાંતિ અનુભવે છે તો જેના બાહ્ય-અભ્યંતર સર્વબંધનો સમાપ્ત થયા છે એવા સિદ્ધ ભગવાનને સંપૂર્ણ શાંતિ કેમ ન હોય ? જરૂર હોય. આચાર્યશ્રી પદ્મનંદિના શબ્દોમાં-

(શાર્દુલવિક્રિડીત)

**य: केनाप्यतिगाढगाढमभितो दु:खप्रदै: प्रगहै:**
**बद्धोऽन्यैश्च नरो रुषा घनतरेरापादमामस्तकम् ।**
**एकस्मिन् शिथिलेऽपि तत्र मनुते सौख्यं स सिद्धा: पुन:**
**कि न स्यु: सुखिन: सदा विरहिता बाह्यान्तरैर्बन्धनै: ॥**

ભાવાર્થ : કોઈ એક મનુષ્ય બીજા કોઈ મનુષ્ય દ્વારા ક્રોધને વશ થઈને પગથી માંડીને મસ્તક સુધી ચારે તરફ દુઃખદાયક દઢતર દોરડાઓથી જકડીને મજબૂત રીતે બાંધી દેવામાં આવ્યો હોય અને ત્યારપછી તેમાંથી એક પણ દોરડું ઢીલું થતા કાંઈક સુખનો અનુભવ કરે છે. તો પછી મોક્ષપ્રાપ્ત સિદ્ધ ભગવાનને બાહ્ય અને અભ્યંતર એવા સર્વ પ્રકારના કર્મબંધનોથી સંપૂર્ણ મુકતદશામાં સહજ સંપૂર્ણ પરમ સુખનો અનુભવ કેમ ન હોય ? અર્થાત્ અવશ્ય હોય જ. (તેથી સુખી થવા માટે સંસારની બંધન દશા મટાડી મોક્ષની નિર્બંધ દશા પ્રગટ કરવાનો ઉપાય કરવો.)

(પદ્મનંદિ-પંચવિંશતિઃ : અધ્યાય ૮ : સિદ્ધસ્તુતિઃ શ્લોક ૯)

## ૨. પરમ નિરપેક્ષ

**કોઈપણ નિમિત્તની બિલકુલ અપેક્ષા વિનાની આત્માની દશાને પરમ નિરપેક્ષ દશા કહે છે.**

સિદ્ધ ભગવાનની દશા કોઈપણ નિમિત્તની સાપેક્ષતા વગરની હોવાથી પરમ નિરપેક્ષ હોય છે. પરમ નિરપેક્ષ અવસ્થાના કારણે સિદ્ધ ભગવાનને પરમ સુખ હોય છે.


અશુદ્ધ પરિણામને નિમિત્તની અપેક્ષા હોય છે. તેથી નિમિત્ત સાપેક્ષ પરિણામ અશુદ્ધ હોય છે. અશુદ્ધ હોવાથી દુઃખરૂપ હોય છે. સંસારી જીવના પરિણામ અશુદ્ધ અને નિમિત્ત સાપેક્ષ હોવાથી દુઃખરૂપ હોય છે. સંસારી જીવના પરિણામમાં અંતરંગ નિમિત્ત તરીકે પૌદ્‌ગલિક કર્મનો ઉદય કે ક્ષયોપશમ હોય છે અને બાહ્ય નિમિત તરીકે કોઈ બાહ્ય વિષય હોય છે. આવા પ્રકારના નિમિત્તને અનુસરીને થતા નિમિત્ત સાપેક્ષ પરિણામ વિભાવરૂપ હોય છે અને તેથી તે દુઃખરૂપ હોય છે. સમ્યગ્દષ્ટિ ધર્માત્માને આંશિક પરસાપેક્ષતા ટળતાં પણ ઘણું સુખ થાય છે તો સિદ્ધ ભગવાનને સંપૂર્ણ પરસાપેક્ષતા ટળી હોવાથી સંપૂર્ણ સુખ કેમ ન થાય ? જરૂર થાય. સિદ્ધ ભગવાનની દશા સ્વરૂપની નિર્વિકલ્પ સમાધિથી સમુત્પન્ન અને કોઈપણ બાહ્ય

વિષયો કે નિમિત્તોથી પરમ નિરપેક્ષ છે. પરમ નિરપેક્ષ દશા શુદ્ધ અને સ્વભાવિક હોવાથી તે પરમ સુખનું કારણ છે.

આત્માનું સુખ આત્મામાં જ છે. પરવિષયો કે નિમિતોમાં કોઈ સુખ નથી અને હોય તોપણ તે પોતાના આત્મામાં આવતું નથી. તેથી આત્માના સુખ માટે કોઈ પરવિષયો કે નિમિત્તોની બિલકુલ અપેક્ષા નથી. સદ્‌ગુરુના સદુપદેશ અને પોતાના સ્વતંત્ર અભ્યાસ દ્વારા આ બાબતને સમજી શકાય છે. અને તેથી પોતાના જ જ્ઞાનમાં સ્વ-પરનો ભેદ પરખાય છે. આવા સ્વ-પરના ભેદજ્ઞાન વડે જીવ પરથી પાછો વળી પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થાય છે. અને તેથી પરસાપેક્ષ પોતાના દુઃખરૂપ વિભાવ પરિણામોનો અભાવ કરી પરનિરપેક્ષ પોતાના સ્વાભાવિક સુખને પામે છે. તેથી પરનિરપેક્ષ પરમ સુખની પ્રાપ્તિ માટે સ્વ-પરનું ભેદજ્ઞાન અવશ્ય કરવું. આચાર્યશ્રી પૂજ્યપાદના શબ્દોમાં—

**ગુરુ ઉપદેશ, અભ્યાસ ને, સંવેદનથી જેહ,**
**જાણે નિજ-પર ભેદને, વેદે શિવસુખ તેહ.**

ભાવાર્થ : જે ગુરુના ઉપદેશ અને પોતાના અભ્યાસ દ્વારા સ્વસંવેદનથી સ્વ-પરનો ભેદ જાણે છે તે મોક્ષનું પરમ સુખ અનુભવે છે.
(ઈષ્ટોપદેશ : ગાથા ૩૩)




### ૩. પરમ નિરાવરણ

**આત્મસ્વભાવને આવરણ કરનારા સંપૂર્ણ કર્મોના સદંતર અભાવથી ઉત્પન્ન થતી આત્માની અવસ્થાને પરમ નિરાવરણ અવસ્થા કહેવાય છે.**

સિદ્ધ ભગવાનની અવસ્થા સઘળા કર્મોના આવરણના અત્યંત ક્ષયથી ઉત્પન્ન થયેલી હોવાથી પરમ નિરાવરણ છે. પરમ નિરાવરણ અવસ્થાના કારણે સિદ્ધ ભગવાનને પરમ સુખ છે.

કોઈપણ કર્મનું આવરણ આત્માના સુખને આવરનાર છે. જે તે પ્રકારનું કર્મ જે તે પ્રકારના આત્માના ગુણનો ઘાત કરે છે પણ સાથે સાથે આત્માના સુખ ગુણનો પણ ઘાત કરે છે. સુખ ગુણનો ઘાત કરનાર કોઈ જુદું કર્મ નથી પણ આઠેય પ્રકારના કર્મ પોતાની સાથે સંબંધિત ગુણનું આવરણ કરે છે પણ સાથે સાથે સુખ ગુણનું આવરણ કરે છે. જેમ કે -

જ્ઞાનાવરણીય-દર્શનાવરણીયકર્મ એ જ્ઞાન-દર્શન ગુણને આવરે છે પણ સાથે સાથે સુખગુણને પણ આવરે છે. મોહનીય કર્મના કારણે શ્રદ્ધાન-ચારિત્રગુણની પ્રગટતા નથી તે જ રીતે સુખ ગુણની પણ પ્રગટતા નથી. અંતરાયકર્મના કારણે દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્યની પ્રગટતામાં અંતરાય આવે છે તેમ સુખની પ્રગટતામાં અંતરાય આવે છે. નામ-આયુ-ગોત્ર-વેદનીય જેવા અઘાતિકર્મોના કારણે આત્માના બીજા કોઈ અનુજીવી ગુણની પ્રગટતામાં બાધા નથી પણ સુખગુણની પ્રગટતામાં બાધા હોય છે. તેથી આત્માનું સુખ અવ્યાબાધપણે પ્રગટતું નથી. આ રીતે આઠેય કર્મો આત્માના સુખને આવરનારા છે. તેથી આઠેય કર્મના આવરણ સહિતની આવરણ દશા ધરાવતો સંસારી જીવ કદાપિ સુખી હોય નહિ. સાધકદશામાં જેટલા અંશે કર્માવરણ ટળે છે તેટલા અંશે સુખ પ્રગટે છે. તો સિદ્ધ ભગવાનને સંપૂર્ણ કર્મોના આવરણના અભાવથી ઉત્પન્ન થતું સંપૂર્ણ સુખ કેમ ન હોય ? જરૂર હોય.

સિદ્ધ ભગવાનને મિથ્યાત્વ મોહનો અભાવ હોવાથી અતત્ત્વશ્રદ્ધાનનો અભાવ છે. જ્ઞાનવરણીય-દર્શનાવરણીયકર્મના આત્યાંતિક ક્ષયથી કેવળજ્ઞાન-કેવળદર્શનની પ્રગટતા છે. કેવળજ્ઞાન સમસ્ત લોકાલોકને કોળીયો કરી ગયેલું છે. તેમાં ત્રણેય લોકના ત્રિકાળવર્તીસ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દાદિ સમસ્ત વિષયો યુગપદ એક જ સમયમાં અનુભવાઈ છે. પણ તેમને ચારિત્ર મોહનો અભાવ હોવાથી ઈચ્છા બિલકુલ નથી. તો આવા સિદ્ધ ભગવાનને સુખ કેમ ન હોય ? જરૂર હોય.

વળી આવા ભગવાનને અંતરાયકર્મનું પણ અભાવ હોવાથી તેમના સુખમાં કોઈ અંતરાય નથી અને અઘાતિકર્મનો પણ અભાવ હોવાથી સુખના ભોગવટામાં કોઈ બાધા પણ હોતી નથી. તેથી પરમ નિરાવરણ દશા ધરાવતા સિદ્ધ ભગવાન પરમ સુખી જાણવા.

સંસારી જીવની કર્મના આવરણથી યુકત આવરણ દશાને તેના દુઃખનું કારણ માનવામાં આવ્યું છે. પણ આ કારણનું પણ કારણ જીવના રાગાદિભાવો છે. જીવ પોતે જ કર્મના ઉદયને વશ થઈ કર્મસાપેક્ષ વિભાવ પરિણામ અને તેથી થતા દુઃખને પામે છે. પણ જીવ જો કર્મને વશ ન થાય તો કર્મ તેનું ફળ દુઃખ આપતા નથી અને જુના કર્મ ખરે છે અને નવા કર્મ બંધાતા નથી. માટે જીવે સાવરણ દશાનું દુઃખ ટાળવા અને નિરાવરણ દશાનું સુખ પ્રાપ્ત કરવા કર્મને વશ થવાનું ટાળવું જોઈએ. કવિ રામચંદ્રના શબ્દોમાં-

**कर्म बिचारे कौन, भूल मेरी अधिकाई ।**
**अग्नि सहे घनघात, लोह की संगति पाई ।।**


ભાવાર્થ : જીવના દુઃખનું કારણ માત્ર કર્માવરણ નથી પણ જીવ પોતે પોતાને ભૂલીને કર્માવરણ સાપેક્ષ ભાવ પામીને દુઃખી થાય છે. જેમ લોઢાનો સંગ કરવાથી અગ્નિ ઉપર પણ ઘણના ઘા પડે છે તેમ કર્મનો સંગ કરવાથી કર્મના કારણે આત્માને પણ દુઃખ સહન કરવું પડે છે.
(કવિ રામચંદ્રકૃત ચંદ્રપ્રભુ ભગવાનની જયમાલાની ૧૧મી કડી)

## ૪. પરમ અકષાયી

**સઘળાં પ્રકારના કષાયના કાયમી અભાવથી ઉત્પન્ન થતી આત્માની અવસ્થાને પરમ અકષાયી અવસ્થા કહે છે.**

આત્માના અંતરંગ કલુષ પરિણામને કષાય કહે છે. ક્રોધ-માન-માયા-લોભ એ ચાર કષાય અને હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય-પુરુષવેદ -સ્ત્રીવેદ-નપુંસકવેદ એ નવ નોકષાય મળીને કુલ તેર પ્રકારના કષાય છે.

સિદ્ધ ભગવાનની અવસ્થા સઘળાં પ્રકારના કષાયના આત્યંતિક અભાવવાળી હોવાથી પરમ અકષાયી છે. પરમ અકષાયી અવસ્થાના કારણે સિદ્ધ ભગવાન પરમ સુખી છે.



અકષાયી આત્મસ્વભાવનો ઘાત કરી સંસાર અને તેના દુઃખોની પ્રાપ્તિ કરાવે તે કષાયનું કાર્ય છે. તેથી કષાય એ સંસારનું સ્વરૂપ છે. કષાયના કારણે આત્માના નિરાકુળ સુખ સ્વભાવનો ઘાત થઈ આકુળતામય દુઃખની જ ઉત્પત્તિ થાય છે. સંસારી જીવનો દરેક પ્રકારનો કષાય બહારમાં પોતાને યોગ્ય કાર્ય કરે કે ન કરે પણ અંદરમાં તે આત્મસ્વભાવનો ઘાત કરી આકુળતા અને દુઃખની જ ઉત્પત્તિ કરે છે. તે આ રીતે —

**ક્રોધ**ના કારણે બહારના દુશ્મનનો નાશ થાય કે ન થાય પણ અંદરમાં પોતાના શુદ્ધ આત્મસ્વભાવનો નાશ જરૂર થાય છે.

**માન**ના કારણે બહારમાં પોતે મહાન બને કે ન બને પણ અંદરમાં પોતાના આત્મસ્વભાવનો દુશ્મન એવો મોહ જરૂર મહાન બને છે.

**માયા**ના કારણે બહારમાં કોઈની સાથે છેતરપીંડી થાય કે ન થાય પણ અંદરમાં પોતાના આત્મસ્વભાવ સાથેની છેતરપીંડી જરૂર થાય છે.

**લોભ**ના કારણે ધન-ધાન્યાદિ બાહ્ય પરિગ્રહોનો સંચય થાય કે ન થાય પણ મિથ્યાત્વ, મોહાદિ અંતરંગ પરિગ્રહોનો સંચય અવશ્ય થાય છે.

**હાસ્ય**ના કારણે બહારમાં પોતાનો ચહેરો વિકસીત થાય કે ન થાય પણ અંદરમાં પોતાના આત્મવિકારો અવશ્ય વિકસિત થાય છે.

**રતિ**ના કારણે બહારના વિષયોનો ગમો હોય કે ન હોય પણ અંદરના અવગુણોનો ગમો હોય જ છે.

**અરતિ**ના કારણે બહારના અનિષ્ટ વિષયોનો અણગમો થાય કે ન થાય પણ અંદરના ઈષ્ટ ગુણોનો અણગમો અવશ્ય થાય છે.

**શોક**ના કારણે બહારમાં વ્યાકુળ બને કે ન બને પણ અંદરમાં વ્યાકુળ બને જ છે.

**ભય**ના કારણે બહારના સાત પ્રકારના ભયો હોય કે ન હોય પણ અંદરમાં આત્મસ્વભાવના ઘાતનો ભય હોય જ છે.

**જુગુપ્સા**ના કારણે બહારની અનીચ્છનીય બાબતોની ઘૃણા સંભવે કે ન સંભવે પણ અંદરના ઈચ્છનીય સ્વભાવની ઘૃણા અવશ્ય સંભવે છે.


**પુરુષવેદ**ના કારણે સ્ત્રી સાથે રમવાની, સ્ત્રીવેદના કારણ પુરુષ સાથે રમવાની, નપુંસકવેદના કારણે સ્ત્રી-પુરુષ બન્ને સાથે રમવાની કામપીડા હોય કે ન હોય પણ અંદરમાં અકામ આત્મસ્વભાવના વિકાર સાથે રમવાથી ઉત્પન્ન થતી આત્મપીડા અવશ્ય હોય છે.

ઉપર મુજબ ક્રોધ-માન-માયા-લોભ-હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય-જુગુપ્સા-પુરુષવેદ-સ્ત્રીવેદ-નપુંસકવેદરૂપ કષાયોને કારણે અંદરમાં આકુળ હોવાથી સંસારી જીવ દુઃખી છે. જેટલો કષાય વધુ તેટલું દુઃખ પણ વધારે હોય છે. સમ્યગ્દષ્ટિ ધર્માત્માને થોડોક કષાયનો અભાવ થવાથી પણ ઘણા સુખની પ્રાપ્તિ થાય છે તો સિદ્ધ ભગવાનને સંપૂર્ણ કષાયોનો સમૂળગો અભાવ હોવાથી સંપૂર્ણ સુખ કેમ ન હોય ? જરૂર હોય. સિદ્ધ ભગવાનને કષાયનું કોઈ કારણ નથી. કષાય અને તેથી થતા દુઃખના કારણના સર્વથા નાશથી સિદ્ધ ભગવાન સંપૂર્ણ સુખી જ હોય છે. તે આ રીતે —

સિદ્ધ ભગવાનની નિંદા કરનાર પોતે જ અનિષ્ટ પામે છે તો ભગવાન કોના ઉપર ક્રોધ કરે ? સિદ્ધ ભગવાનથી ઊંચુ કોઈ છે નહિ, ઈન્દ્ર પણ તેમને નમે છે અને ઈષ્ટ ફળ પામે છે. ભગવાન પોતે જ સર્વોચ્ચ છે અને બીજાને નીચા કરી પોતાને ઊંચા થવાનું કોઈ કારણ નથી. વળી ભગવાન દ્રવ્યસ્વભાવથી બધાંને પોતાના સમાન જ જાણે છે તો તેઓ

કોનાથી માન કરે ?ભગવાનને પોતાના સ્વભાવ સિવાય અન્ય કોઈ ઈષ્ટ નથી કે અન્યનું કોઈ પ્રયોજન નથી, તો તેઓ શા માટે માયા કરે ? સિદ્ધ ભગવાનને સર્વ પ્રયોજન સિદ્ધ થયા છે. કરવા યોગ્ય કોઈ કાર્ય બાકી નથી. આવા સંપૂર્ણ કૃતકૃત્ય ભગવાન કઈ ચીજનો પરિગ્રહ કરી શા અર્થે લોભ કરે ?

સંપૂર્ણ જગતના જાણનહાર ભગવાન માટે કોઈ વસ્તુ આશ્ચર્યકારક નથી કે સોહામણી નથી તો શેનાથી હાસ્ય કરે ? ભગવાનને પોતાના શુદ્ધ સ્વભાવ સિવાય કોઈ પ્રિય નથી તો તે શેનાથી રતિ કરે ?સિદ્ધ ભગવાનને કોઇ દુઃખદાયક સંયોગ નથી તો તે શેનાથી અરતિ કરે ? સિદ્ધ ભગવાનને કોઈ ઈષ્ટનો વિયોગ કે અનિષ્ટનો સંયોગ નથી તો તે કોનો શોક કરે ? સિદ્ધ ભગવાનનું બૂરું કરનાર કોઈ નથી તો તે કોનાથી ભય પામે ? ભગવાનને સર્વવસ્તુઓ પોતપોતાના સ્વભાવ સહિત પ્રત્યક્ષ ભાસે છે પરંતુ વીતરાગ ભગવાન માટે કોઈ સૂગ કે અણગમાનું કારણ નથી તો તેમને જુગુપ્સા કેમ હોય ? અવેદી તેમજ અશરીરી સિદ્ધ ભગવાનને કામવાસનાનું કોઈ કારણ નથી તેથી તેમને સ્ત્રી સાથે, પુરુષ સાથે કે સ્ત્રી–પુરુષ બન્ને સાથે રમવાનું કોઈ પ્રયોજન નથી તો તેમને પુરુષવેદ, સ્ત્રીવેદ કે નપુંસકવેદરૂપ ભાવ કયાંથી હોય ?




ઉપર મુજબ બધા કષાયો અને કષાયોના કારણોનો નાશ થયો હોવાથી સિદ્ધ ભગવાનને દુઃખ અને દુઃખના કારણોનો જ નાશ થયો છે. અકષાયી આત્મસ્વભાવમાં લીન થવાથી ઉત્પન્ન પરમ અકષાયી અવસ્થાના કારણે સિદ્ધ ભગવાન પરમ સુખી કેમ ન હોય ? જરૂર હોય.

કષાયનું કાર્ય જ આત્મ સ્વભાવનો ઘાત કરી આત્મામાં આકુળતા અને દુઃખ ઉત્પન્ન કરવાનું છે. જેટલો કષાય વધુ તેટલું દુઃખ વધુ અને કષાય ઓછો તેમ દુઃખ ઓછું. કષાયના આંશિક અભાવથી સાધક જીવને આંશિક સુખની પ્રાપ્તિ છે અને કષાયના સંપૂર્ણ અભાવથી સિદ્ધ ભગવાનને સંપૂર્ણ સુખની પ્રાપ્તિ છે. સઘળાં પ્રકારના કષાયોને રાગ અને દ્વેષમાં અંતર્ગત કરી શકાય છે. માયા, લોભ, હાસ્ય, રતિ, પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદરૂપ કષાય એ રાગ છે અને ક્રોધ, માન, અરતિ, શોક, ભય અને જુગુપ્સારૂપ કષાય એ દ્વેષ છે. આ રાગ–દ્વેષરૂપ કષાયનો ત્યાગ કરવાથી અકષાયી આત્મસ્વભાવમાં સ્થિતિ થાય છે. જેને કારણે આત્માની પરમ અકષાયી અવસ્થા અને તેથી થતું પરમ સુખ હોય છે. તેથી સુખી થવા માટે આ રાગ–દ્વેષને જ મટાડવાનો ઉપાય કરવો જોઈએ. આચાર્યશ્રી યોગીન્દ્રદેવના શબ્દોમાં —

*રાગ-દ્વેષ બે ત્યાગીને, નિજમાં કરે નિવાસ;*
*જિનવર ભાષિત ધર્મ તે, પંચમગતિ લઈ જાય.*

ભાવાર્થ : જે રાગ–દ્વેષ એ બન્નેનો ત્યાગ કરીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિત થાય છે તેને જ જિનવરોએ સાચો ધર્મ કહ્યો છે. આવા ધર્મના ફળમાં પરમ સુખના સ્થાન એવી પંચમગતિ–મોક્ષની પ્રાપ્તિ થાય છે.

(યોગસાર : દોહરો ૪૮)

## ૫. પરમ વિષયાતીત

**સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દ એ પાંચ ઈન્દ્રિયોના વિષયોની આસક્તિના અત્યંત અભાવરૂપ આત્માની અવસ્થાને પરમ વિષયાતીત અવસ્થા કહે છે.**

સિદ્ધ ભગવાનને ઈન્દ્રિયો જ હોતી નથી. તેથી તેને ઈન્દ્રિયોના વિષયોની આસક્તિનો કોઈ સવાલ જ નથી. ઈન્દ્રિયો અને ઈન્દ્રિયવિષયોની આસક્તિના આત્યાંતિક અભાવને કારણે સિદ્ધ ભગવાનને પરમ વિષયાતીત દશા હોય છે. પરમ વિષયાતીત દશાના કારણે પરમ સુખ હોય છે.

પાંચ ઈન્દ્રિયોના વિષયોનું કાર્ય જીવને સાંસારિક ઈન્દ્રિયસુખમાં આસક્ત રખાવી આત્મિક અતીન્દ્રિય સુખથી વંચિત રખાવવાનું છે. વિષયજન્ય ઈન્દ્રિયસુખ એ સંસારનું સ્વરૂપ છે અને વિષયાતીત અતીન્દ્રિયસુખ એ મોક્ષનું સ્વરૂપ છે. વિષયાતીત અતીન્દ્રિયસુખ એ જ પરમાર્થે સુખ છે અને વિષયજન્ય ઈન્દ્રિયસુખ એ પરમાર્થે સુખ નથી, પણ દુઃખ જ છે. કહેવાતા વિષયજન્ય ઈન્દ્રિયસુખની આસક્તિ અને તે અનુસારની વિષય

ભોગવટાની પ્રવૃત્તિ વિષયાતીત આત્માના સુખસ્વભાવનો ઘાત કરી આકુળતામય દુઃખની જ ઉત્પત્તિ કરાવે છે. અજ્ઞાની જીવ એમ માને છે કે સ્પર્શાદિ ઈન્દ્રિય વિષયોના ભોગવટાથી પોતે સુખ મેળવે છે પણ આ સુખ ભ્રાંતિજન્ય છે. અને પરમાર્થે તે દુઃખ જ છે. વળી આવું લોકમાં કહેવાતું વિષયજન્ય સુખ પણ પુણ્યોદય હોય તો મળે છે, નહિતર મળતું નથી. આ રીતે વિષયની આસક્તિ અને વિષયના ભોગવટાની પ્રવૃત્તિથી બહારનું કહેવાતું વિષયજન્ય સુખ મળે કે ન મળે પણ તેથી અંદરનાં વિષયાતીત સુખસ્વભાવનો ઘાત થઈ આકુળતામય દુઃખની ઉત્પતિ જરૂર થાય છે. તે આ રીતે —




**સ્પર્શેન્દ્રિય**ના સ્ત્રીના વિષયની આસક્તિ અને ભોગવટાથી બ્રહ્મરૂપ શુદ્ધાત્મસ્વરૂપનો ઘાત થઈ અબ્રહ્મમય આકુળતાની ઉત્પત્તિ થાય છે.

**રસનેન્દ્રિય**ના ખારા, ખાટા, તીખા, તુરા, કડવા અને મીઠા એ છ પ્રકારના જડરસના આસ્વાદથી આત્માનો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય, ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર એ છ પ્રકારનો ચૈતન્યરસ ઘાત પામી આકુળતાની ઉત્પત્તિ થાય છે.

**ઘ્રાણેન્દ્રિય**ના સુગંધ અને દુર્ગંધના સુંઘવામાં અગંધ સ્વભાવી આત્માના અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખની હાનિ થઈ આકુળતાની ઉત્પત્તિ છે.

**ચક્ષુરિન્દ્રિય**ના કૃષ્ણ, નીલ, પીત, શુક્લ અને રકત એ પાંચ પ્રકારના વર્ણને જોવા અને માણવામાં અજ્ઞાની જીવ હિંસાદિ પાંચ પ્રકારના પાપોમાં પ્રવૃત થઈ સંસારના પાંચ પ્રકારના પરાવર્તનો પામી દુઃખી થાય છે.

**શ્રોત્રેન્દ્રિય**ના તત, વિતત, ઘન, સુષિર, ઘોષ અને ભાષારૂપ છ પ્રકારના શબ્દોને સાંભળવામાં સંસારી જીવ છ પ્રકારના [૬]**અપક્રમો** વડે છ પ્રકારની કાયાને પામી છ પ્રકારની લેશ્યારૂપ થઈને દુઃખી થતો રહે છે.

ઉપર મુજબ પાંચેય ઈન્દ્રિયોના વિષયોની આસક્તિ અને તેના ભોગવટાની પ્રવૃત્તિથી સંસારી જીવ દુઃખી જ જાણવો. જેટલી વિષયોની આસક્તિ વધુ હોય છે તેટલો વિષયને ભોગવવા માટેનો જ્ઞાનનો ક્ષયોપશમ એટલે કે વિષયગ્રહણની શક્તિ ઓછી હોય છે. અને તેથી દુઃખ વધુ હોય છે. ત્યારપછી જેટલા પ્રમાણમાં વિષયોની આસક્તિ ઓછી હોય તેટલા પ્રમાણમાં વિષયગ્રહણની શક્તિ વધી જાય અને તેથી દુઃખ ઘટતું જાય છે. આ રીતે નિગોદના જીવોને વિષયની આસક્તિ ઘણી તીવ્ર હોય છે પણ તેમની વિષય ગ્રહણની શકિત નહિવત્ હોય છે તેથી તેઓ ઘણાં દુઃખી છે. ત્યારપછી નારકી, પશુ, મનુષ્ય અને દેવના જીવોને ઉત્તરોત્તર વિષયોની આસકિત ઘટવાથી અને વિષયગ્રહણની શકિત વધવાથી તેમનું દુઃખ ઉત્તરોત્તર ઓછું થતું જાય છે. સિદ્ધ ભગવાનને વિષયોની આસકિત બિલકુલ નથી અને વિષયગ્રહણની શકિત સંપૂર્ણ છે. તેથી તેમના દુઃખનો પણ સંપૂર્ણ અભાવ છે. સિદ્ધ ભગવાનને વિષયોની આસક્તિનું કારણ એવા મોહનો આત્યાંતિક અભાવ છે. તેથી તેમને વિષયોની આસકિત બિલકુલ હોતી નથી. અને ભગવાનને વિષયગ્રહણના કારણરૂપ જ્ઞાનનો સંપૂર્ણ ઉઘાડ છે. ભગવાનના કેવળજ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોકવર્તી સમસ્ત વિષયોનું એક સમયમાત્રમાં એક સાથે સંપૂર્ણ ગ્રહણ છે. ભગવાનને સમસ્ત વિષયોનુ યુગપત ગ્રહણ હોવા છતાં તેમને વિષયાસક્તિ કે વિષયના ભોગવટાની પ્રવૃત્તિ જરાય નથી. કેમ કે, ભગવાનને વિષયાસક્તિ અને વિષયના ભોગવટાના પ્રવૃત્તિના કારણરૂપ મોહનો અત્યંત અભાવ છે. તેથી ભગવાન વિષયજન્ય દુઃખથી તદ્દન મુક્ત અને વિષયાતીત સુખથી સંપૂર્ણ યુક્ત છે. સાધક જીવને વિષયોની આસક્તિ અને તેના ભોગવટાની પ્રવૃત્તિ થોડીક પણ ઘટવાથી ઘણું સુખ થાય છે તો સિદ્ધ ભગવાનને વિષયોની આસક્તિ અને તેના ભોગવટાની પ્રવૃત્તિનો સંપૂર્ણ અભાવ હોવાથી સંપૂર્ણ સુખ કેમ ન હોય ? જરૂર હોય જ.

પાંચ ઈન્દ્રિયોના વિષયોની આસકિત અને તે અનુસાર વિષયોના ભોગવટાની પ્રવૃત્તિ આત્માને અત્યંત દુઃખરૂપ છે. વિષયોની આસક્તિ અને પ્રવૃત્તિ જ આત્માના વિષયાતીત સ્વભાવિક સુખની પ્રગટતાને રોકનારી છે. જેમ પોતાનું ચિત્ત પાંચ ઈન્દ્રિયોના પરવિષયોમાં ચોંટે છે તેમ તે જ ચિત્ત પોતાના નિજવિષયની પ્રાપ્તિ અને તેના ભોગવટામાં રોકાય તો વિષયજન્ય દુઃખો ટળી વિષયાતીત સુખની પ્રાપ્તિ અવશ્ય થાય. પાંચ ઈન્દ્રિયોના પરવિષયોની જેમ પોતાનો શુદ્ધાત્મા પણ એક નિજવિષય છે. પરવિષયોની આસક્તિ માટે તો જ પરવિષયોથી પાછા વળી નિજવિષયમાં આવી શકાય છે. અને આમ થાય તો જ સંસાર અને તેના મહાદુઃખોનો અભાવ થઈ મોક્ષ અને તેના પરમ સુખની પ્રાપ્તિ થાય છે. આ જ બાબત આચાર્યશ્રી શુભચંદ્ર નીચેના શબ્દોમાં કહે છે—

(અનુષ્ટપ)

**विषयेषु यथा चित्तं, जन्तोः मग्नमनाकुलम् ।**
**तथा यद्यात्मनस्तत्त्वे, सद्यः को न शिवीभवेत् ।।**

ભાવાર્થ : જેવી રીતે જીવનું મન પરવિષય સેવનમાં એકદમ તલ્લીન થઈ જાય છે તેવી જ રીતે તે જ મન ત્યાંથી પાછું વળીને પોતાના નિજઆત્મતત્વમાં નિરાકુળ થઈને તલ્લીન થઈ જાય તો મોક્ષ અને તેના પરમ સુખની પ્રાપ્તિ કેમ ન થાય ? જરૂર થાય જ. (જ્ઞાનાર્ણવ : સર્ગ ૨૦, શ્લોક ૧૨)



### ૬. પરમ તૃપ્ત

**પરિપૂર્ણ જ્ઞાનથી તરબોળ થઈને પૂરા ધરવથી પરમ સંતોષની પ્રાપ્તિરૂપ દશાને પરમ તૃપ્ત દશા કહે છે.**

સિદ્ધ ભગવાન પરિપૂર્ણ જ્ઞાનથી પરિતૃપ્ત હોવાથી તેમની દશા પરમ તૃપ્ત છે. પરમ તૃપ્ત દશાના કારણે સિદ્ધ ભગવાનને પરમ સુખ છે.

જ્ઞાનના કારણે તૃપ્તિ હોય છે અને તૃપ્તિના કારણે સુખ હોય છે. આ કારણે જેને જ્ઞાન હોય તેને જ તૃપ્તિ અને સુખ હોય છે અને જ્ઞાન વગરનાને તૃપ્તિ અને સુખ હોતું નથી. જેવું જ્ઞાન હોય એવા પ્રકારે જ તૃપ્તિ અને સુખ હોય છે. પરિપૂર્ણ પરમ જ્ઞાન ધરાવનારને પરમ તૃપ્ત દશા અને તેને કારણે પરમ સુખ હોય છે. અપૂર્ણ જ્ઞાન ધરાવનારને અતૃપ્ત દશા અને તેને કારણે થતું દુઃખ હોય છે. સંસારી જીવનું ક્ષાયોપશમિક જ્ઞાન અપૂર્ણ, ઐન્દ્રિય, હીણું, નિકૃષ્ટ અને હેય હોવાથી તે અતૃપ્ત અને દુઃખરૂપ છે. તે આ રીતે —

સંસારી જીવનું ક્ષાયોપશમિક જ્ઞાન મૂર્ત પદાર્થને જાણે છે અને અમૂર્તને જાણતું નથી. મૂર્તમાં પણ નિકટવર્તીને જાણે છે અને દૂરવર્તીને જાણતું નથી. નિકટવર્તીમાંય સ્થૂળને જાણે છે અને સૂક્ષ્મને જાણતું નથી. સ્થૂળમાંય ઇન્દ્રિયના સંપર્કમાં હોય તેને જાણે છે અને સંપર્કમાં ન હોય તેને જાણતું નથી. સંપર્કમાં હોય તેની વર્તમાન અવસ્થાને જાણે છે અને ભૂત-ભાવિ અવસ્થાને જાણતું નથી. આવા કારણોસર આ જ્ઞાન **અપૂર્ણ** છે. આવું જ્ઞાન સ્પર્શાદિ ઇન્દ્રિયો વડે પ્રવર્તતું હોવાથી **ઐન્દ્રિય** છે. આ જ્ઞાન જેને જાણે તેને પણ આછું-પાતળું અને ધૂંધળું જાણે છે. પણ એકદમ [1]**પરિસ્ફુટ** જાણતું નથી. તેથી તે **હીણું** છે. આ જ્ઞાન કર્મના ક્ષયોપશમને આધીન હોવાથી **નિકૃષ્ટ** છે. આવા કારણોસર આ ક્ષાયોપશમિક જ્ઞાન ત્યાજ્ય હોવાથી **હેય** છે.

ઉપરોક્ત પ્રકારે ક્ષાયોપશમિક જ્ઞાન ન જણાતા કે અસ્પષ્ટ જણાતાને જાણવાની ઇચ્છા સહિતનું હોવાથી અતૃપ્ત છે. અતૃપ્ત હોવાથી આકુળતા અને દુઃખરૂપ છે. પણ સિદ્ધ ભગવાનનું ક્ષાયિક જ્ઞાન અનંત, અતીન્દ્રિય, અતિશય, ઉત્કૃષ્ટ અને ઉપાદેય હોવાથી પરમ તૃપ્ત અને પરમ સુખરૂપ છે. તે આ રીતે—

સિદ્ધ ભગવાનનું ક્ષાયિક જ્ઞાન-કેવળજ્ઞાન એ સંપૂર્ણ લોકાલોકના અનંત પદાર્થોને તેના અનંત ગુણો અને તેની ત્રિકાળવર્તી અનંત પર્યાયો સહિત એક સાથે સમયમાત્રમાં પ્રત્યક્ષ જાણી લેતું હોવાથી તે **અનંત** છે. સિદ્ધ ભગવાનનું આ જ્ઞાન ઇન્દ્રિયો વિના સીધું આત્મપ્રદેશોથી જ પ્રવર્તતું હોવાથી **અતીન્દ્રિય** છે. આ જ્ઞાન પરિસ્ફુટપણે સંપૂર્ણ સમસ્ત પદાર્થોને જાણતું હોવાથી **અતિશય** છે. આ જ્ઞાન શ્રેષ્ઠ, સર્વોત્તમ અને સ્વધીન હોવાથી **ઉત્કૃષ્ટ** છે. સિદ્ધ ભગવાનનું આ જ્ઞાન જ સ્વાભાવિક હોવાથી **ઉપાદેય** છે.

ઉપરોક્ત કારણોસર સિદ્ધ ભગવાનનું ક્ષાયિક જ્ઞાન જ સંપૂર્ણપણે સંતોષકારક હોવાથી પરમ તૃપ્ત અને તેથી પરમ સુખરૂપ છે.

સિદ્ધ ભગવાનનું ક્ષાયિક જ્ઞાન કે કેવળ જ્ઞાન તેમની પરમ તૃપ્ત દશાને દર્શાવે છે. પરમ તૃપ્ત દશાના કારણે સિદ્ધ

ભગવાન પરમ સુખી હોય છે. શ્રુતજ્ઞાન વડે ઉત્કૃષ્ટપણે સર્વ શાસ્ત્રોને જાણી શકાય છે, અવધિજ્ઞાન વડે સમગ્ર ત્રસનાલીને જોઈ શકાય છે. મનઃપર્યયજ્ઞાન વડે મનનાં સર્વ પરિણામ જાણી શકાય છે, તોપણ આવું ક્ષાયોપશમિક જ્ઞાન એ સિદ્ધ ભગવાનના ક્ષાયિક જ્ઞાન-કેવળ જ્ઞાનની તુલનામાં કાંઈ નથી. કેવળજ્ઞાન વડે સમયમાત્રમાં ત્રિકાળવર્તી લોકાલોકના સમસ્ત પદાર્થોને સંપૂર્ણપણે જાણી શકાય છે. મુમુક્ષુ જીવને કોઈ એક શાસ્ત્ર કે કોઈ સૂત્રના અર્થને સમ્યક્પણે સારી રીતે જાણવાથી પણ ઘણો સંતોષ થાય છે તો સાક્ષાત્ સમસ્ત તત્ત્વો અને સંપૂર્ણ અર્થોને એકીસાથે જાણકાર ભગવાનના સંતોષની શી વાત ! આવા પરમ સંતોષી ભગવાન પરમ સુખી કેમ ન હોય ? જરૂર હોય જ. આચાર્યશ્રી નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તીના શબ્દોમાં—

**एकं शास्त्रं सर्व शास्त्रं वा सम्यगत्र जानन्त: ।**
**तीव्रं तुष्यन्ति नरा: किं न समस्तार्थतत्त्वज्ञा: ॥**

ભાવાર્થ : જયારે કોઈ એક શાસ્ત્ર કે સર્વ શાસ્ત્રોને સારી રીતે જાણનાર મનુષ્ય પણ ઘણાં સંતોષને પ્રાપ્ત થાય છે**.** અને તેથી સુખ અનુભવે છે**.** તો સિદ્ધ ભગવાન સમસ્ત અર્થો અને તત્ત્વોને સમયમાત્રમાં એકી સાથે જાણનારા છે તો તેમના પરમ સંતોષ અને તેથી થતા પરમ સુખની શી વાત **!** (ત્રિલોકસાર : ગાથા ૫૫૯, પાનુ ૪૭૫)



## ઉપસંહાર

પરમ નિર્બંધ, પરમ નિરપેક્ષ, પરમ નિરાવરણ, પરમ અકષાયી, પરમ વિષયાતીત અને પરમ તૃપ્ત અવસ્થા એ મોક્ષના પરમ સુખને પ્રસ્થાપિત કરે છે.

મોક્ષના પરમ સુખને પ્રાપ્ત કરવા માટે પોતાના આત્માને સંસારના માર્ગેથી પાછો વાળી મોક્ષના માર્ગે વાળવો જોઈએ. સમસ્ત અન્ય ચિંતાઓનો ત્યાગ કરીને એકમાત્ર મોક્ષનું જ ધ્યાન કરવું જોઈએ. સાંસારિક સમસ્ત કર્મ ચેતના અને કર્મફળ ચેતનાના ત્યાગ વડે એકમાત્ર શુદ્ધ જ્ઞાન ચેતનામય મોક્ષમાર્ગનો જ અનુભવ કરવો જોઈએ. તેમ જ અન્ય પરપદાર્થોમાં વિહરવાને બદલે એક માત્ર મોક્ષમાર્ગમાં જ નિરંતર વિહાર કરવો જોઈએ. તો તને પરમ સુખના ધામ એવા મોક્ષની પ્રાપ્તિ અવશ્ય થશે. આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાં —

**તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને;**
**તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે.**

ભાવાર્થ : હે ભવ્ય **!** તું તારા આત્માને માત્ર મોક્ષમાર્ગમાં જ પ્રસ્થાપિત કર**,** તેનો જ અનુભવ કર અને અન્ય પરદ્રવ્યોમાં વિહરવાનું છોડીને એકમાત્ર તેમાં જ વિહાર કર**.** તેથી તને પરમ સુખના ધામ એવા મોક્ષની પ્રાપ્તિ થશે**.** (સમયસાર : ગાથા ૪૧૨)

## ટિપ્પણ

● **૧. શક્તિ** : સામર્થ્ય, સ્વભાવ ● **૨. વ્યક્તિ** : વ્યક્ત થવું તે, પ્રગટતા ● **૩. યુગપદ** : એક સાથે ● **૪. વંચિત** : બાકાત, વેગળું, અલગ, વિમુખ, ● **૫. અપક્રમ** : સંસારી જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જતી વખતે ચાર દિશા અને ઊર્ધ્વ તેમ જ અધો દશામાં ગમન પામે તે છ પ્રકારના અપક્રમ છે. ● **૬. પરિસ્ફુટ** : તદ્દન સ્ફુટ, સ્પષ્ટ દેખાય એવું.

## સંદર્ભ સાહિત્ય

**૧. શ્રીમદ્ રાજચંદ્ર** : વર્ષ ૩૪મું : પત્રાંક : ૯૫૪ : પાનુ ૬૬૦; ● **૨. યોગસાર** : ગાથા ૪૮, ૯૭ ● **૩. જ્ઞાનાર્ણવ** : સર્ગ ૨૦, શ્લોક ૧૨, ૨૪; ● **૪. પરમાત્મપ્રકાશ** : અધ્યાય ૧, ગાથા ૯, અધ્યાય ૨ : ગાથા ૪ થી ૧૦ ● **૫. તિલ્લોયપણ્ણતિ** : ભાગ ૨ઃ મહાઅધિકાર : ૮; ગાથા ૬૫૨ થી ૬૫૮ ● **૬. ત્રિલોકભાસ્કર** : પાનુ ૨૬૮; ● **૭. જૈ.સિ.કોશ:** ભાગ : ૪ : સુખ : ૨ : પાનું ૪૩૧ થી ૪૩૪; ● **૮. સ્યાદ્વાદમંજરી:** શ્લોક ૨૯, પાનુ ૨૫૯-૨૬૦; ● **૯. ગોમ્મટસાર** : જીવકાંડ ; ગાથા ૧૯૬, ૭૩૨; ● **૧૦. પ્રવચનસાર** : ગાથા ૬૨નો ભાવાર્થ; ● **૧૧. પદ્મપુરાણ:** દૌલતરામકૃત ભાષાટીકા : પર્વ ૧૦૫, પાનુ ૩૧૮; ● **૧૨. આદિપુરાણ:** ભાગ ૧ : પર્વ ૧૧, ગાથા ૨૧૪ થી ૨૧૭, પાનુ ૨૪૬; ● **૧૩. ત્રિલોકસાર:** ગાથા ૫૫૯, ૫૬૦; ● **૧૪. ભગવતી આરાધના:** ગાથા ૨૧૫૫, ૨૧૫૬, ૨૧૫૭, ૨૧૬૪; ● **૧૫. મોક્ષમાર્ગપ્રકાશક:** અધિકાર ૩ : પાનુ ૭૬, ૭૭; ● **૧૬. પદ્મનંદી પંચવિંશતિ:** અધ્યાય ૮, શ્લોક ૬, ૯ ● **૧૭. ઈષ્ટોપદેશ** : ગાથા ૩૩; ● **૧૮. કવિ રામચંદ્રકૃત ચંદ્રપ્રભુ ભગવાનની પૂજા**ની જયમાલા; ● **૧૯. સમયસાર** : ગાથા ૪૧૨.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.**

**૧. પરમ નિર્બંધ દશા ધરાવતા સિદ્ધ ભગવાન કયા અનુબંધથી મુક્ત નથી ?** ૧.☐
A. પરમ સુખ B. દ્રવ્યકર્મ C. નોકર્મ D. ભાવકર્મ

**૨. મોટર, બંગલા વગેરેના કારણે જીવને શું પ્રાપ્ત થાય છે ?** ૨.☐
A. દુઃખ B. સુખ C. સગવડતા D. પ્રતિષ્ઠા

**૩. સુખી થવા માટે શો ઉપાય કરવો જોઈએ ?** ૩.☐
A. પુણ્યના ઉપાર્જનના
B. નિર્બંધ દશા પ્રગટ કરવાનો
C. ભોગોપભોગને ભોગવવાનો
D. પુષ્કળ પૈસા કમાવાનો

**૪. નિમિત્તના સંદર્ભમાં સિદ્ધ ભગવાનના પરિણામ કેવા હોય છે ?** ૪. ☐
A. પોતે જ પોતાનું અંતરંગ નિમિત્ત હોય તેવા
B. અંતરંગ કે બાહ્ય કોઈપણ નિમિત્ત વગરના
C. નિમિત્ત નિરપેક્ષ
D. નિમિત્ત સાપેક્ષ

**૫. સ્વ-પરના ભેદજ્ઞાન માટે શું કરવું જોઈએ ?** ૫. ☐
A. સદ્‌ગુરુની સેવા–પુજા કરવી જોઈએ
B. સદ્‌ગુરુની સમીપમાં રહેવું જોઈએ
C. સદ્‌ગુરુની પાછળ પાછળ ચાલવું જોઈએ
D. સદ્‌ગુરુના સદુપદેશને અનુસરવો જોઈએ

**૬. કયું કર્મ આત્માના સુખને આવરનાર છે ?** ૬. ☐
A. એકેય કર્મ આત્માના સુખને આવરનાર નથી
B. સમસ્ત ઘાતિકર્મ આત્માના સુખને આવરનાર છે
C. માત્ર મોહનીય કર્મ આત્માના સુખને આવરનાર છે
D. કોઈપણ કર્મ આત્માના સુખને આવરનાર છે

**૭. કર્મ આત્માના દુઃખનું કારણ ક્યારે બને ?** ૭. ☐
A. કર્મનો ઉદય કે ક્ષયોપશમ થવાથી
B. કર્મની ઉદીરણા થવાથી
C. કર્મના ઉદયને વશ થવાથી
D. કર્મના આવરણ માત્રથી

**૮. કષાયનું કાર્ય શું નથી ?** ૮. ☐
A. આત્મસ્વભવાનો ઘાત કરવાનું
B. દુશ્મનનો નાશ કરવાનું
C. દુઃખની ઉત્પત્તિ કરાવવાનું
D. સંસારની પ્રાપ્તિ કરાવવાનું

**૯. માનના કારણે કોણ મહાન બને છે ?** ૯. ☐
A. પોતાનો મોહ
B. પોતાને માન આપનાર વ્યક્તિ
C. માન સેવનાર વ્યક્તિ પોતે
D. કોઈપણ મહાન બનતું નથી

**૧૦. હાસ્યના કારણે પોતાની અંદરમાં શું થાય છે ?** ૧૦. ☐
A. પોતાના આત્મવિકારો વિકસિત થાય
B. પોતાનો ચહેરો પ્રફુલ્લિત થાય
C. પોતાનું હૃદય પુલકિત થાય
D. પોતાના રોગો દૂર થાય

**૧૧. પુરુષવેદના ઉદયે સ્ત્રી સાથે રમવાથી અંદરમાં શું થાય ?** ૧૧. ☐
A. આત્મપીડા ઊભી થાયB. કામપીડા દૂર થાય
C. પ્રસવ પીડા વહોરવી પડેD.પરમ સુખની પ્રાપ્તિ થાય

**૧૨. ભગવાન કોના પર ક્રોધ કરે ?** ૧૨. ☐
A. કોઈના પર ક્રોધ ન કરે
B. પોતાના ક્રોધના ભાવ ઉપર જ ક્રોધ કરે
C. દુષ્ટોને દંડ આપવા તેના પર ક્રોધ કરે
D. કોઈ ભક્ત ભૂલ કરે તો તેના પર ક્રોધ કરે

**૧૩. દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ સિદ્ધ ભગવાન બધાને કેવા જાણે છે ?** ૧૩. ☐
A. પોતાથી પણ મહાન
B. પોતા સમાન પરમાત્મા
C. પોતાથી અત્યંત કનિષ્ઠ
D. પોતાના આશ્રિત

**૧૪. સઘળાં પ્રકારના કષાયોને કયા દ્વૈતમાં અંતર્ગત કરી શકાય ?** ૧૪. ☐
A. સુખ–દુઃખ B. શુભ–અશુભ
C. રાગ–દ્વેષ D. કષાય–નોકષાય

**૧૫. રાગ-દ્વેષનો ત્યાગ કરવાથી કોની પ્રાપ્તિ થાય ?** ૧૫. ☐
A. સીમંધર ભગવાન B. સમ્યગ્દર્શન
C. સંસાર D. મોક્ષ

**૧૬. વિષયજન્ય ઈન્દ્રિયસુખ એ કેવું સુખ નથી ?** ૧૬. ☐
A. ભ્રાંતિજન્ય B. કાલ્પનિક
C. લૌકિક D. પારમાર્થિક

**૧૭. શ્રોત્રેન્દ્રિયના છ પ્રકારના શબ્દોને સાંભળવાનું ફળ શું નથી ?** ૧૭ ☐
A. છ પ્રકારની લેશ્યા B. છ પ્રકારની કાયા
C. છ આત્યંતિક ગુણો D. છ પ્રકારના અપક્રમ

**૧૮. આત્માના વિષયાતીત સુખની પ્રગટતાને રોકનાર કોણ છે ?** ૧૮. ☐
A. તત્‌સમયની યોગ્યતા
B. ઈન્દ્રિય વિષયોની આસક્તિ અને પ્રવૃત્તિ
C. કર્મનું આવરણ અને તેનો ઉદય
D. ઈન્દ્રિયની નબળાઈ કે વિષયોની અનુપલબ્ધિ

**૧૯. જ્ઞાન વગરનાને શું હોતું નથી ?** ૧૯. ☐
A. તૃપ્તિ અને સુખ B. કદ અને આકાર
C. રૂપ અને રંગ D. ગતિ અને સ્થિતિ

**૨૦. મોક્ષના પરમ સુખને પ્રાપ્ત કરવા શું કરવું જોઈએ ?** ૨૦. ☐
A. સંસારના માર્ગેથી પાછા વળી મોક્ષના માર્ગે જવું જોઈએ
B. મોક્ષના માર્ગને એકાંતને બદલે અનેકાંત માનવો જોઈએ
C. અસંયમ અને દુરાચરણને છોડીને સંયમ અને સદાચરણને ગ્રહણ કરવા જોઈએ
D.સર્વધર્મ સમભાવનો સિદ્ધાંત સ્વીકારી બધાં ધર્મમતોનો એક સરખો આદર કરવો જોઈએ

## સૈદ્ધાંતિક પ્રશ્નો

**નીચેના પ્રશ્નોના એક કે બે વાકયોમાં ટૂંકા જવાબ આપો.**

૧. શક્તિ અપેક્ષાએ સુખનું ધામ કોણ છે ?
૨. વ્યક્તિ અપેક્ષાએ સુખનું ધામ કોણ છે ?
૩. મોક્ષનું સુખ કેવું છે ?
૪. શા માટે મોક્ષને પરમ સુખનું ધામ કહેવાય છે ?
૫. પરમ નિર્બંધ દશા કોને કહે છે ?
૬. દ્રવ્યકર્મ બંધન કોને કહે છે ?
૭. નોકર્મ બંધન કોને કહે છે ?
૮. નોકર્મ બંધન જીવના કયા પ્રકારના દુઃખનું કારણ છે ?
૯. સમ્યગ્દષ્ટિ ધર્માત્મા શરીર અને પરિગ્રહ પ્રત્યે શું હોવાથી સુખી થાય છે ?
૧૦.ભાવકર્મ બંધન કોને કહે છે ?
૧૧.ભાવકર્મ બંધન કઈ રીતે જીવને દુઃખનું કારણ છે ?
૧૨.રાગાદિ વિકારીભાવોથી નિવૃત સિદ્ધ ભગવાનને શું હોય છે ?
૧૩.પરમ નિરપેક્ષ દશા કોને કહે છે ?

૧૪.દુઃખરૂપ પરિણામ નિમિત્ત સાથે કઈ રીતે સંબંધ રાખે છે ?
૧૫.સુખરૂપ પરિણામ નિમિત્ત સાથે કઈ રીતે સંબંધ રાખે છે ?
૧૬.સિદ્ધ ભગવાનની દશા શા માટે નિમિત્ત નિરપેક્ષ હોય છે ?
૧૭.પરમ નિવારણ અવસ્થા કોને કહે છે ?
૧૮.કયા કર્મનું આવરણ આત્માના સુખને આવરનાર છે ?
૧૯.કર્મનો સંગ કરવાથી આત્માને શું થાય છે ?
૨૦.પરમ અકષાયી અવસ્થા કોને કહે છે ?
૨૧. કષાય કોને કહે છે ?
૨૨.ચાર કષાયના નામ આપો ?
૨૩.નવ નોકષાયના નામ આપો ?
૨૪.કષાયનું કાર્ય શું છે ?
૨૫.કષાય અને અકષાય એ કોનું સ્વરૂપ છે ?
૨૬.ક્રોધના કારણે બહારમાં અને અંદરમાં શું થાય છે ?
૨૭.માનના કારણે બહારમાં અને અંદરમાં શું થાય છે ?
૨૮.માયાના કારણે બહારમાં અને અંદરમાં શું થાય છે ?
૨૯.લોભના કારણે બહારમાં અને અંદરમાં શું થાય છે ?
૩૦.હાસ્યના કારણે બહારમાં અને અંદરમાં શું થાય છે ?
૩૧.રતિના કારણે બહારમાં અને અંદરમાં શું થાય છે ?
૩૨.અરતિના કારણે બહારમાં અને અંદરમાં શું થાય છે ?
૩૩.શોકના કારણે બહારમાં અને અંદરમાં શું થાય છે ?
૩૪.ભયના કારણે બહારમાં અને અંદરમાં શું થાય છે ?
૩૫.જુગુપ્સા કારણે બહારમાં અને અંદરમાં શું થાય છે ?
૩૬.પુરુષવેદ–સ્ત્રીવેદ–નપુંસકવેદના કારણે બહારમાં અને અંદરમાં શું થાય છે ?
૩૭.સિદ્ધ ભગવાન શા માટે કોઈના પર ક્રોધ કરતા નથી ?
૩૮.સિદ્ધ ભગવાનને શા માટે માન હોતું નથી ?
૩૯.સિદ્ધ ભગવાનને શા માટે માયા હોતી નથી ?
૪૦.સિદ્ધ ભગવાન શા માટે લોભ કરતા નથી ?
૪૧. સિદ્ધ ભગવાનને શા માટે હાસ્ય હોતું નથી ?
૪૨.સિદ્ધ ભગવાનને શા માટે રતિ થતી નથી ?
૪૩.સિદ્ધ ભગવાનને શા માટે અરતિ હોતી નથી ?
૪૪.સિદ્ધ ભગવાન શા માટે શોક કરતા નથી ?
૪૫. સિદ્ધ ભગવાન શા માટે કોઈનાથી ભય પામતા નથી ?
૪૬.સિદ્ધ ભગવાનને શા માટે જુગુપ્સા હોતી નથી ?
૪૭.સિદ્ધ ભગવાનને કોઈપણ વેદરૂપ ભાવ શા માટે હોતો નથી ?
૪૮.પરમ વિષયાતીત અવસ્થા કોને કહે છે ?
૪૯.પાંચ ઈન્દ્રિયોના વિષયોનું કાર્ય શું છે ?
૫૦.વિષયજન્ય ઈન્દ્રિયસુખ એ કોનું સ્વરૂપ છે અને પરમાર્થે શું છે ?
૫૧.સ્ત્રીના વિષયના ભોગવટાથી અંદર આત્મામાં શું થાય છે ?
૫૨.રસનેન્દ્રિયના જડરસના આસ્વાદથી અંદર આત્મામાં શું થાય છે ?
૫૩.ઘ્રાણેન્દ્રિયના વિષયની સુગંધ માણવાથી અંદર આત્મામાં શેની હાનિ થાય છે ?
૫૪.ચક્ષુન્દ્રિયના પાંચ પ્રકારના વર્ણને જોવા અને માણવાનું ફળ શું છે ?
૫૫.શ્રોત્રેન્દ્રિયના છ પ્રકારના શબ્દોને સાંભળવાનું પરિણામ શું આવે છે ?
૫૬.નિગોદના જીવને વિષયની આસક્તિ ઘણી છે તો તેમની વિષયગ્રહણની શક્તિ કેવી છે ?
૫૭.સ્વર્ગના દેવને વિષયની આસક્તિ ઘટવાથી વિષયગ્રહણની શક્તિમાં શું થાય છે ?
૫૮.સિદ્ધ ભગવાનને કયા કારણે સમસ્ત વિષયોનું સંપૂર્ણ ગ્રહણ છે ?
૫૯.સિદ્ધ ભગવાનને શા માટે વિષયાશક્તિ કે વિષયના ભોગવટાની પ્રવૃત્તિ બિલકુલ નથી ?
૬૦.સાધક જીવને વિષયોની આસક્તિ અને તેના ભોગવટાની પ્રવૃત્તિ થોડીક પણ ઘટવાથી શું થાય છે?
૬૧. સિદ્ધ ભગવાનની પરમ વિષયાતીત દશાના કારણે તેમને શું હોય છે ?
૬૨.પરવિષય અને નિજવિષય કોને કહેવાય ?
૬૩.પરવિષયોના ભોગવટામાં પરમાર્થે શું હોય છે ?
૬૪.પરવિષયોથી પાછા વળી નિજવિષયમાં ક્યારે આવી શકાય ?
૬૫.આચાર્યશ્રી શુભચંદ્ર પરમ સુખની પ્રાપ્તિ માટે શો ઉપાય બતાવે છે ?
૬૬.પરમ તૃપ્ત દશા કોને કહે છે ?
૬૭.શ્રુતજ્ઞાનનો ઉત્કૃષ્ટ વિષય કેટલો ?
૬૮.અવધિજ્ઞાન વડે વધુમાં વધુ શું જોઈ શકાય ?
૬૯.ક્ષાયોપશમિક જ્ઞાનમાં કોનો સમાવેશ છે ?
૭૦.ક્ષાયિક જ્ઞાનમાં કોનો સમાવેશ છે ?
૭૧.શા માટે કેવળજ્ઞાન સંતોષકારક અને સુખરૂપ છે ?

## નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૧. સંતમહાત્માઓ શેના ધ્યાનમાં મગ્ન રહી શેની પ્રાપ્તિ કરે છે ?
૨. મોક્ષપ્રાપ્ત સિદ્ધ ભગવાનની કઈ કઈ અવસ્થાઓ જેના પરમ સુખને પ્રસ્થાપિત કરનારી છે ?
૩. મોક્ષના પરમ સુખને બનાવનારી અવસ્થાની સમજૂતી કયા મુદ્દાઓ અનુસાર આપવામાં આવી છે ?
૪. દ્રવ્યકર્મના બંધનથી મુક્ત સિદ્ધ ભગવાન કઈ રીતે સુખી છે ?
૫. નોકર્મના બંધનથી મુક્ત સિદ્ધ ભગવાન કઈ રીતે સુખી છે ?
૬. ભાવકર્મના બંધનની મુક્ત સિદ્ધ ભગવાન કઈ રીતે સુખી છે ?
૭. બંધનયુકત દશા દુઃખરૂપ અને બંધનમુકત દશા સુખરૂપ હોય છે એ બાબત આચાર્યશ્રી પદ્મનંદીએ કઈ રીતે સમજાવી છે ?
૮. શા માટે નિમિત્ત સાપેક્ષ પરિણામ દુઃખરૂપ હોય છે ?
૯. શા માટે નિમિત્ત નિરપેક્ષ પરિણામ સુખરૂપ હોય છે ?
૧૦.પરસાપેક્ષતા ટાળી પરનિરપેક્ષ પરમ સુખની પ્રાપ્તિ કરવા માટે શું કરવું જોઈએ ?
૧૧.કયા પ્રકારના કર્મનું આવરણ આત્માના કયા ગુણને કયા પ્રકારે આવરણ કરે છે ?
૧૨.સિદ્ધ ભગવાનની પરમ નિરાવરણ દશા કઈ રીતે છે ? અને તેના કારણે તેઓ કઈ રીતે સુખી છે ?
૧૩.જીવે આવરણદશાના કારણે થતું દુઃખ ટાળવા માટે શું કરવું જોઈએ ?
૧૪.દરેક પ્રકારના કષાયનું અંદરનું અને બહારનું કાર્ય જણાવો.
૧૫.સિદ્ધ ભગવાનને કોઈ પણ પ્રકારના કષાયનું કારણ કઈ રીતે નથી ?
૧૬.ભાવકર્મના બંધનની મુક્ત સિદ્ધ ભગવાન કઈ રીતે સુખી છે ?
૧૭.જિનવરોએ સાચો ધર્મ કોને કહ્યો છે ? આવા ધર્મના ફળમાં શેની પ્રાપ્તિ થાય છે ?
૧૮.સિદ્ધ ભગવાનને કઈ રીતે પરમ વિષયાતીત દશા હોય છે ? અને તેના કારણે શું હોય છે ?
૧૯.ઈન્દ્રિય વિષયની આસક્તિ અને વિષયના ભોગવટાની પ્રવૃત્તિથી મળતું વિષયજન્ય સુખ ક્યારે મળે અને ક્યારે ન મળે ?
૨૦.પાંચેય ઈન્દ્રિયોના વિષયની આસક્તિ અને તે અનુસારના ભોગવટાની પ્રવૃત્તિથી અંદર આત્મામાં શું થાય તે જણાવો.
૨૧.વિષયની આસક્તિ અને વિષયગ્રહણની શક્તિ તથા તેથી થતા દુઃખ વચ્ચે શો સંબંધ છે તે બાબત સમજાવો.
૨૨.સિદ્ધ ભગવાનને કઈ રીતે સમસ્ત વિષયોનું યુગપત સંપૂર્ણ ગ્રહણ છે અને વિષયોની આસક્તિ બિલકુલ નથી ? અને તેથી તેમને શું હોય છે ?
૨૩.વિષયજન્ય દુઃખ ટાળી વિષયાતીત સુખ મેળવવા માટે શું કરવું જોઈએ ?
૨૪.સંસારી જીવનું ક્ષાયોપશમિક જ્ઞાન કઈ રીતે અપૂર્ણ, ઐન્દ્રિય, હીણું, નિકૃષ્ટ અને હેય છે ? તેના કારણ તે કઈ રીતે અતૃપ્ત અને દુઃખરૂપ છે ?
૧૫.સિદ્ધ ભગવાનનું ક્ષાયિક જ્ઞાન કઈ રીતે અનંત, અતીન્દ્રિય, અતિશય, ઉત્કૃષ્ટ અને ઉપાદેય છે ? અને તેના કારણે તે કઈ રીતે તૃપ્ત અને સુખરૂપ છે ?
૨૬.સિદ્ધ ભગવાનના પરમ સંતોષ અને પરમ સુખને આચાર્યશ્રી નેમિચંદ્ર કયાં દૃષ્ટાંતથી સમજાવે છે ?

## વિદ્યાર્થીઓની જુથપ્રવૃત્તિ

૧. પ્રકરણની રૂપરેખામાંથી કોઈ એક મુદ્દો પસંદ કરી તેના ઉપરનો પ્રોજેકટ તૈયાર કરો.
૨. પ્રકરણમાં આવતી ગાથા અને શ્લોકોનું સામૂહિક ગાન કરો.

## શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. આ પ્રકરણની શરૂઆતમાં આપેલ સુખધામની સ્તુતિનો પૂજ્ય બહેનશ્રીની સ્તુતિમાં પણ શા માટે સમાવેશ છે ? તે બાબત સ્પષ્ટ કરો.
૨. પૂજ્ય બહેનશ્રીની સુખધામ વાળી સ્તુતિનો અર્થ સમજાવી વિદ્યાર્થીઓ પાસે તેનું સમુહગાન કરાવો અને વિદ્યાર્થીઓને તે કંઠસ્થ કરવાનું કહો.